# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/8554 તા.૧૭/૧૧/૨૦૨૧

પરિપત્ર- ૨૫૭૫

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિદ્યાશાખાની તમામ બી.એડ અને એમ.એડ અભ્યાસક્રમની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં તેમની કોલેજમાં સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલ વિધાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ નીચે દર્શાવેલ સમયપત્રક અનુસાર ઓનલાઈન ભરવાના રહેશે.

| વિગત | રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| **બી.એડ. સેમેસ્ટર-૧ ના એનરોલમેન્ટ બાબત** | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- સાથે તા.૧૮/૧૧/૨૦૨૧થી તા.૨૯/૧૧/૨૦૨૧ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ.૧૦૦ = ૩૦૦/- તા.૦૧/૧૨/૨૦૨૧ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૮૦૦/- તા.૦૪/૧૨/૨૦૨૧ સુધી |
| **એમ.એડ. સેમેસ્ટર-૧ ના રજીસ્ટ્રેશન બાબત** | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૫૦૦/- સાથે તા.૧૮/૧૧/૨૦૨૧થી તા.૨૯/૧૧/૨૦૨૧ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ.૧૦૦ = ૬૦૦/- તા.૦૧/૧૨/૨૦૨૧ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૧૧૦૦/- તા.૦૪/૧૨/૨૦૨૧ સુધી |

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : એનરોલમેન્ટ ફોર્મ ભરવા માટેની જરૂરી સૂચનાઓ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિદ્યાશાખાની તમામ બી.એડ અને એમ.એડ અભ્યાસક્રમની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું

Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

## સેમેસ્ટર-૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સંબંધિત જરૂરી સૂચનાઓ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિદ્યાશાખાની તમામ બી.એડ અને એમ.એડ અભ્યાસક્રમની કૉલેજોના આચાર્યશ્રીઓ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલય જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

- કોલેજ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.
- આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓએ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
- સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરી, વેરીફાઈ અને સેવ કરવાનું રહેશે.
- સંબંધિત કોલેજ/માન્ય પી.જી. કેન્દ્ર દ્વારા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સેવ કર્યા બાદ એનરોલમેન્ટ સ્લીપ જનરેટ કરવાની રહેશે. આ સ્લીપમાં ફીની વિગતો આવશે જે અનુસાર ફી ભરવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ અને સેવ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે થી ભરવાની રહેશે.
- ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખના બીજા દિવસે ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટ અને ફી ભર્યાની વિગત બે કોપીમાં યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ અને આચાર્યશ્રીના સહી અને સિક્કા સાથેનો ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં જમા કરાવવાના રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ વેરીફાઈ કરતા પહેલા તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.
- અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
- વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઓનલાઈન ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.